મુંબાઈની શેઠાણી.

ભાગ પહેલો



સન ૧૯૨૩ પ્રત-૨૦૦૦

કીમત એક આનો

સુધરેલી શેઠાણી—

છાને કહે છટકેલી, પીટયા મને છાને કહે છટકેલી.

હું તો ફેશનમાં ઘેલી બનેલી—

પીટયા મને છાને કહે છટકેલી.

ડીઅર તજીને ડીયરની સાથે, ગાર્ડનમાં જાઉં હું વહેલી,

પોલસનની ટી અને દિલ્હીનાં બીસકુટ—

તાજાં તાજાં ખાઉં પહેલી;—પીટયા.

સાટીનની સાડીઓ કસબી ભરેલી કોર

સ્વપ્ને ન કોઇએ દીઠેલી,

પોલકાંને ચોળીઓનો પાર નથી મ્હારે

ફ્રેન્ડોએ પ્રેઝંટ કીધેલી;—પીટયા.

નવસેરા હાર સાચા મોતીના સુંદર

બંગડીઓ માણેકે મઢેલી,

બેસી મોટરમાં જાઉં હું ચોપાટી

વીઘા હું પાકી ભણેલી;—પીટયા.

મી૦ એમ. બી. પટેલની પાસેથી હક બક્ષીસ લઇ

છપાવી પ્રસીદ્ધ કરનાર,

બુકસેલર—જકુલાલ નારણદાસ મુ. નડીઆદ.

પરણેત્રાનો પસ્તાવો

(રાગ ઝેર ગયાંને વેર ગયાં વળી કાળા કેર ગયા કરનાર)

ટેક—

હતો કુંવારો આજ લગી હું પરણ્યાનું દીલ થાતું તું
પરણેત્રાને નજરે જોતા હૈડું તો હરખાતું તું —૧
ઘર દુકાનો વેચી દઇને રૂપીઆ સૌ ભેગા કીધા
લાડીજીને હોંશે મળવા થોડા કંઇ કરજે લીધા —૨
ગોરી પરણ્યા શુભ લગ્નથી કોડ કર્યાં સરવે પુરા
સુખ સઘળું હોળીમાં હોમ્યું ઇજ્જતના કીધા ચુરા —૩
પ્રથમ આણે શાણી રાણી લાજ મહિં લચકાતાં'તાં
સાથે ફરવાનું હું કહેતો ઇજ્જતમાં અચકાતાં'તાં —૪
વચનો વદતાં ધીરે ધીરે બોલી લાગે બહુ સારી
મેં જાણ્યું જે કામ થયું છે સદ્‌ગુણી પામ્યો નારી —૫
પછી પધાર્યાં બીજે આણે પ્લોટ સહુ બદલાયો છે
બકરી જેને હું ગણતો તે વાઘ થઇને આવ્યાં છે —૬
બે ત્રણ દિવસ થયા એટલે મકાનમાં ખામી કાઢી
આ ઘરમાં હું નહીં રહેવાની કહીને રીસાયાં લાડી —૭
હુકમને મેં માનજ આપ્યું ઘર બીજું ભાડે લીધું
દાગીના માટે વહાલીએ આમંત્રણ બીજું દીધું —૮
— નોટીસ મળતાં હું ગભરાયો તોપણ હિંમત મેં રાખી
શું શું બોલ્યાં શાણી શ્યામા સૂખેથી દયોને ભાખી —૯

ઝાંઝરની જોડી મારે જોઇએ એરીંગની જોડી લાવો
લોકેટ ગીનીના સોનાનું લેઇ વાલા વે'લા આવો -૧૦
બંગડીઓની જોડી લાવો સાચા મોતીની સ્વામી
સાડી કસબી લાવો જેવી પહેરે મારી મામી -૧૧
તુર્ત તહાકો મે તો કીધો પાઇ નથી પાસે મારી
સઘળું વેચ્યું દેવું કીધું ત્યારે પરણ્યો છું નારી -૧૨
સુણતાં વા'લી વીલાં પડ્યાં તરત તાડુકો કીધો
પરણી તમને તેમાં કહોને મેં શું કાંઇ ગુન્હો કીધો-૧૩
મેં માગ્યું તે મારે જોઇએ તેમાં કાંઇએ નહી ચાલે
થઇ ભીખારી કેરી નારી તે તો આ હઇડે સાલે -૧૪
ઘાટી વીણ ઘડીએ નહી ચાલે મનમાં લેજો વીચારી
રસોઇ હાથે રાંધું છું તે માટે સમજો છું સારી -૧૫
સુણી આખી રુધરી તોયે આપ રહ્યા હમબગ જેવા
દાળ થઇ માટે સીધાવો આદુ ને મરચાં લેવા -૧૬
ઘાટી માફક ગણવા લાગી ઓર્ડરથી અકળાવે છે
નત્રા નવા બુટ્ટા ઉઠાવે આંતરડી કકળાવે છે -૧૭
તુરં રોકડો જવાબ દે છે જરા કદી હું ગુસ્સે થાઉં
વેરીસોરી ઓમાઇહસબન્ડ આઇએમ ગોઇંગ ડીયરનાઉ-૧૮
ગયો જમાનો જુનો ચાલી ફેશમાં વહાલા મહાલો
દાગીનો જુનો વેચી દઇ નાટક જોવાને ચાલો -૧૯
ટેલીફોનથી ટીકીટ કરાવો ફર્સ્ટકલાસ રીઝર્વડ વ્હાલા
અપ-ટુ-ડેટ બનીને ચાલો વીચાર શા કરવા ઠાલા -૨૦

શેઠની—(કરૂણાજનક કથની)

(રાગ—ગઝલ)

સુધારાની મઝા ન્યારો જમાનો જાય છે સારો,
જુઓને આ દશા ચારો અમારી આમ બાબત છે.

જુઓ મુંબઇ તણી નારી બતાવે ડોળ તે ભારી,
ફરે થઇ રાયની રાણી અમારી આમ બાબત છે.

દગાળુ મા અને બાપે લગન તો નાહરાં કીધાં,
હિસાબો તેહના આપું અમારી આમ બાબત છે.

હતી અમ દેશની અંદર મહારી પ્રેમદા પ્યારી,
અમે આમ પાસ બોલાવી અમારી આમ બાબત છે.

કરૂં કોઇ જાતનો ઓર્ડર નથી તે ધ્યાનમાં લેતી,
ફરે તે થઇને મદમાતી અમારી આમ બાબત છે.

બધાંએ ઘર તણાં કામો અમો અમ હસ્તથી કરતા
દુઃખી છે જીંદગી મારી અમારી આમ બાબત છે

ભરૂં મમ હસ્તથી પાણી પછીથી ઉઠતી રાણી,
ચલાવે હુકમો શાણી અમારી આમ બાબત છે.

કરી દાતણ પછી ઘરમાં પદમણી પાટલે બેસે,
પછીથી ચાહ તે માગે અમારી આમ બાબત છે.

ઘસે વાસણ બધા માંજુ રસોઇ હાથથી રાંધુ,
કરે ભોજન પછી પત્ની અમારી આમ બાબત છે.

કરી પત્ની તણી સેવા કશે તો નોકરી જાઉં.
પુરા પરતંત્ર ત્યાં થાવું અમારી આમ બાબત છે
બધા આ કષ્ટને લીધે દુખી આ જીંદગી થાતી.
ભલે મરવું અરે એથી અમારી આમ બાબત છે.
મઝા સુંબાઇ તણી જોતાં સુરખ ફેશન મહી ફસતાં,
પછી પસ્તાઇને રડતા અમારી આમ બાબત છે.
પગાર પચીસ તો આવે ઝીયા પાંત્રીશ ખરચાવે.
દયા દીલમાં નહી લાવે અમારી આમ બાબત છે.
બતાવે દમ ઘણો નારી ચલાવે હુકમો ભારી
ફરે નીત બાગમાં રાણી, અમારી આમ બાબત છે.
ઘરેણાં અવનવાં માગે વખતપર હડકાં ભાગે.
કહે શું કામ પરણ્યાતા અમારી આમ બાબત છે.
દરદ નીત્યે નવું થાયે રહું હું ઘેર જ્યાંસુધી,
કરે ઠણકા ખરા ખોટા અમારી આમ બાબત છે.
પથારીમાં પડી રહેતી મીઠાઇ મોજથી ખાતી.
દુઃખી મમ જીંદગી થાતી અમારી આમ બાબત છે.
ભરૂં નીત્ય બીલ વઇદોનાં છતાં સાજી નથી થાતી,
ચલાવે ઢોંગ બહુ ખોટા અમારી આમ બાબત છે.
ખરીદી હાથથી કરતી લખાવી નામ પર મારા,
કહો બીલ ક્યાં થકી ભરવું અમારી આમ બાબત છે.
મંગાવે અવનવી ચીજો અમારે લાવવી ક્યાંથી,
નથી પેદાશ કંઇ જોતી અમારી આમ બાબત છે.

પધારી પ્રેમથી કરવી પ્રીયાની હાજરી ભગ્ની
નથી નવરાશ પણ પળની અમારી આમ બાબત છે

ગુમાવી દેશની મુડી અહી પરદેશમાં આવી
છતાં ખુશ ના થઇ નારી અમારી આમ બાબત છે

હતી અમ દેશની અંદર બધાંએ કામ ત્યાં કરતી
નથી અહીં કોઇથી ડરતી અમારી આમ બાબત છે

વખત વીચારીને રંડા કરે દર્શનનું બહાનું
સીખાવે યારના ઘરમાં અમારી આમ બાબત છે

યારોથી તે લઇ નાણાં લુંટાવે માલ યૌવનનો
ભરે પાછાં ઘરે પગલાં અમારી આમ બાબત છે

હંમેશાં આટલી મોડી કહે તું ક્યાંથી આવે છે
ગયા છે બાર જો વાગી અમારી આમ બાબત છે

થયાં દર્શન બહુ મોડાં ભર્યાંતાં પુલ હીંડોળે
જામીતી મેદની ઝાઝી અમારી આમ બાબત છે

રાખી એક મંદીરે આવી મુંને ગઇ સંગ બોલાવી
તજો ક્યકચ તમે ખાલી અમારી આમ બાબત છે

મટી જંગલી બનો શહેરી મવાલી ક્યાં સુખી રહેશે.
પમાશે કેમ નથી શીખી અમારી આમ બાબત છે

સુતાં જઇ ચોંય મેહાબી જણાવી રીસ ઉપરથી
પતીને રોદ્રમાં નાખી અમારી આમ બાબત છે

૧

શેઠ-શેઠાણીનો સંવાદ

(રાગ-ગઝલ)

શેઠાણી-અરે સ્વામી તમે મારા ઘડાવો બંગડી પ્યારા
વળી હીરા તણી ચુની કહો તમે લાવશો ક્યારે
શેઠ-અરે પ્યારી હવે મારી સુણાવુ વાત હું સારી
નથી પઇસા કને મારી કહે હું શું કરૂં પ્યારી
શેઠાણી-ભગત કે દીનને આપો છતાં અહીં આમ શું ભાખો
ગમે તે આજથી કરીને મને તે સર્વ આણી દો
શેઠ-ભગત કે દીનને હું તો જમાડું અન્નને પાણી
પણ નહી પાસ છે મ્હારી રૂપીઆ નોટ કંઇ નારી
શેઠાણી-રૂપીઆ સાઠ લાવો છો વળી બીજુ કમાવો છો
છતાં માથું હલાવો છો કહો એ રીત શું સારી
શેઠ-ખરચ મુંબઇ તણાં ભારી વળી જો થઇએ આજારી
કહે હું શું કરૂં પ્યારી નથી કંઇ પાસ દ્રવ્ય મ્હારી
શેઠાણી-નહી લાવો તમે વાલા જરૂર હું જઇશ પીયર મારા
પછીથી ચાય તે કરજો વળી તેથીજ મારે શું
શેઠ-અરે રંડા કહું તુજને બતાવે બીક શું મુંજને
ભલે જાને પીયર તારા થશે કંઇ હાલ મમ સારા
શેઠાણી-પીયર શું કામ હું જાઉં ઝડપથી ઝેર હું ખાઉં
પછી વઇકુંઠમાં જાઉં તહાં જઇ નામ દીપાવું
શેઠ-ન મળ્યો ઝેરનો ભરગો તમે જઇ કુપમાં મરજો

સુખે જઇ નર્કમાં ફરજો નહી ફીકર તમે કરજો
શેઠાણી–નહી કંઇ નર્કમાં જાઉં ઝડપથી ભુત હું થાઉં
ચુસી તમ માતને ખાઉં ન સમજો જંપવા દેઉં
શેઠ–વદો છો શું અરે સાચુ ભુવાને હું જઇ યાચું
ભરૂં મરચાથી તુજ ડાચું ન ખઉં તુજ વીણ હું કાચુ

લેખક–સુણીને એવું શેઠાણી હ્રદયમાં ખુબ અકળાણી
પતીને હાથમાં લેવા કરે છે ઢોંગ એ કેવા
શીશો ગ્યાસતેલનો લાવી અમુલ્ય સાડી ભીંજાવી
પછીથી કાંડી સળગાવી—

શેઠાણી- કહે હું ઝટ બળી જાઉં
ન જીવું હું મરી જાઉં ઓકત્યા આળ આપીને
ચઢાવે ફાંસીએ સરકાર ન દેશો દોષ કંઇ મુજને
લેખક–ઠગાયો ઓચરીઓથી પતી ન મર્મ કંઇ સમજયો
શેઠ–કહે હાર્યો હવે વ્હાલી મુંને તું માફ કર શાણી
નીસાસો શું અરે નાખે મુંકુ ઘરબાર ગીરો જઇ
સોમાજી શેઠ ધીરેછે રૂપીયે એક આનો લઇ
કરૂં ઇચ્છા પુરી તારી વસાવું બંગડી સારી
હીરાનો હાર જે સુંદર સવારે લાવું હું સત્વર
લેખક–લખાણુ આટલું રહ્યુ બાકી લખું શું ભાગ બીજામાં ?
આંખો ઝટ મુજ ખુલી ગઇ સ્વપ્નની વાત પુરી થઇ

સુધરેલાનો સંતાપ

(રાગ-ગઝલ)

સુણો સાથી સુધારાના ! અરે આ આંધી આવીને;
તમારા ભાષણે ભુલ્યો હવે રસ્તો બતાવોને ! સુણો.
તમારા રાહ પર ચાલી સુધારો ઘર વીષે ઘાલી
પીધી મ્હેં ઝેરની પ્યાલી તમે તેથી બચાવોને ! સુણો.
પ્રીયાનાં પોલકાં લાવી નવીન પોષાક પહેરાવી;
ગરીબી ઘર વીષે ઘાલી હવે તેને હઠાવોને ! સુણો.
પ્રીયા ઘર કાજને છાડી ચઢાવી બૂટની જોડી;
હવા ખાવા જતી દોડી કહે "નોકર વસાવોને"! સુણો.
" નથી હું કાંઇ ભઠિયારી નથી કૈં કામ કરનારી;
હવે હકદાર હું નારી નીયમસરનું બજાવોને ! સુણો.
સુધારો આપણે માથે નહિ ખાવા કરૂં હાથે;
પિયુજી રાંધવા માટે રસોયો એક લાવોને ! સુણો.
શુશોભીત ડ્રેસ લાવોને સરસ ચસ્મા અપાવોને;
હુકમ મારો બજાવોને મડમ મુજને બનાવોને ! સુણો.
જવું ફરવા પગે ચાલી સુધારાની નહિ વ્હાલી;
દિયો એ આપદા ટાળી સરસ સાઇકલ અપાવોને! સુણો.
બનું હું રાયની રાણી જવું નાટક વીષે જાણી;
ટીકીટ લાવો તમાસાની સુધારાને વધાવોને ! સુણો.

ઘણું છે કામ તમ માથે તમે ન આવશો સાથે;
પુલાજી ફ્રેન્ડને માટે ટીકીટ બીજી મંગાવોને ! સુણો.
અદેખા શું બનો એમાં કુલાજી સાથ છે તેમાં;
સુધારો છે રહયો જેમાં જરા વિશ્વાસ લાવોને ! સુણો.
સુધારાના થયા સાગા પછી ખટપટ કરો આ શી;
કરે અજ્ઞાનીઓ હાંસી કુધારાને હરાવોને ! સુણો.
સુધારો આ જુવો યારો ! તમોને જે અતી પ્યારો;
હવે લાગે મને ખારો ! ભલે ભપકો બતાવોને ! સુણો.
ખરચ પોષાય કયમ આવું મુસારો સાઠનો લાવું;
પ્રીયાને કેમ સમજાવું જરા યુક્તિ જણાવોને ! સુણો.
રસોયો કયાં થકી રાખું હૃદયનું દુખ કયાં દાખું;
નિશાસા હાય હું નાખું દયા દીલમાં ધરાવોને ! સુણો.
છકેલી કૈં થઇ નારી જરાયે લાજ ના ધારી;
પતિ તો શાક તરકારી પતિવ્રત તો પળાવોને ! સુણો.
લજાવ્યા તાતને ! કૈંએ બનાવ્યા ભ્રાતને કૈંએ;
ડુબાવ્યું કુળ હા ! કૈંએ ભલે દીલને મનાવોને ! સુણો.
સુધારો એ તમારો તો ભલે તમને મુબારક હો!
અરે પસ્તાઉં હું પુરો પ્રભુ તેથી બચાવોને ! સુણો.

* * * *

સુણી શંકર કહે શાણા ભવાડા આ સુધારાના;
સુણીના કોપશો પ્યારા અરજ દીલમાં ઠસાવોને ! સુણો.

લેખક– "મણિકાન્ત"– (તે શંકરલાલ મગનલાલ પંડ્યા)

કળિયુગના બ્રાહ્મણો ! કે જુલ્મી જમાનો !

(રાગ–ગઝલ)

કુડો કળી કાળ શો આવ્યો જમાનો ભાઇ બદલાયો
અધર્મે ધર્મ ચંપાયો કળીનો સત્ય પર ફાવ્યો. ૧

ગયું બ્રાહ્મણપણું ચાલી ગઇ બ્રહ્મતેજની લાલી
ગયા ભુદેવ પીનારા પ્રાણસમ સોમ રસ પ્યાલી. ૨

હવે તો સ્નાન સંધ્યામાં ઉડે છે બહાર બોટલનો
ગણીકા ગાનનો ચસ્કો પડયો છે હાય હોટલનો. ૩

ગરજ ગાયત્રીની શી છે રમે રૂપચંદમાંર મનડું
દેવ મંદીર હમબગ (૨) છે ત્રીયા સાટે તપે મનડું ૪

સમાધી ધ્યાન આચરણાં જગતને ધુતવા ધાર્યા
વળી પ્રાણાયમે ધ્યાનો મધુર મીષ્ટાનના પ્યારા. ૫

ચમકતું તેજ બ્રાહ્મણનું દીસે છે બાબરાં (૩) માંહે
વઇશ્વદેવજ સદા થાતું જમે છે લોજમાં જ્યાંહે ૬

અને આહુતીમાંતો પાઉં બીસ્કીટ વ્હાલા ઇરાનીનો
ધુમ્રપાને (૪) થતા યજ્ઞો ખરો ભપકો જુવાનીનો. ૭

લટકતી ટાઇ ઉપવીતમાં ગળે રૂદ્રાક્ષમાં કોલર
લગાવી પેઇન્ટ ને પટ્ટો કર્યું અળખામણું ધોતર. ૮

પગેથી પાવડી જાતાં બુટ બો–સ્ટોકના આવ્યા

---

(૧) લક્ષ્મી (૨) ગપાષ્ટક (૩) ફેન્સી વાળ (૪) સીગારેટના ધુમાડા

બીચારી ગઉમુખી હરી રૂપાળાં બેગ આઇ ફાવ્યાં ૯
શ્રવણમાં ડેઇલી પેપર ને મનમાં તાર રૂટરના
સમાધી વારૂણી પીને અહો સુવાય ગટરમાં ૧૦
શુદ્ધ સ્વાધ્યાયમાં શોધ્યુ સીનેમા રંગ બેરંગી
અને પારાયણે નાટક બીરાજે સાથમાં ભંગી ૧૧
સગવડને સોખને ખાતર કીધું ઘર સાફ વાળીને
વસાવ્યા સૂટ ! અંગરખાં અને બંડી બાળીને ૧૨
શ્વસુર ગૃહવાસમાં તીર્થો અરે ! ક્હા પ્યાલી ગંગાજળ
પીતૃભક્તિમાં ગાળો નેખવી અરે ! એતો સપુતનું બળ ૧૩
સમાગમ સંતનો થાતો જઇ વારાંગના વાસે
ગીતાનો પાઠ તો થાતો સદા નોવેલમાં ભાસે ૧૪
બનીને શીષ્ય ઇન્દ્રિના ગુરૂ તો પાદરી કીધા
નમસ્કારે પરસ્પરમાં અલો–હો હાથ લઇ લીધા ૧૫
વરદ હસ્તે સદા દેતા સફળ વરદાનને સ્હેજે
વળી સટ્ટો સદુદ્યમમાં આત્મહીત સ્પોર્ટીંગ કલબમાં
જીવન સાફલ્ય પર સેવા કરી જીભડીની લપલપમાં ૧૬
વળી ક્રોધે ભરાતાં શ્રાપ દેતા બ્રહ્મના તેજે ૧૭
અહો ! ભૂદેવ માગે છે આજ ભીક્ષા ઘરોઘરમાં
ન તરસ્યું તુટતું લાડુ જમી મસ્તાન હરહરમાં ૧૮
જગતના જે ગુરૂ આજે દયા માગે ફકીરોથી
ભુલી નીજ તેજ આત્માનું દગાયે છે અમીરોથી ૧૯

ઋષિ મુનિ પુર્વજો જેના કર્મયોગી મહા જ્ઞાની
નિરક્ષર બ્રહ્મ સંતોના ગણાતા આજ બગ ધ્યાની -૨૦
કર્મ કાંડે મચ્યા રહેતા જીવન નિજ શુદ્ધ ગાળીને
વૃત્તિઓ સંયમે રાખી કામ ક્રોધ બાળીને -૨૧
ન જેને સ્વપ્નમાં નીજ સ્વાર્થના દર્શન કદી થાતાં
ન તપ જપ ત્યાગને સેવા વિના સત્કાર્ય દેખાતાં -૨૨
અરેરે ! આજના બ્રાહ્મણ વિસારી ધર્મ નીજ બેઠા
ચુકી સત્કર્મને ભક્તિ કિચક કળી કાળમાં પેઠા -૨૩
તરી શકતા ન પોતે કેમ તારે વિશ્વ વાસીને ?
અરેરે આજ તો આખુ જગત રહ્યું છેક ત્રાસીને -૨૪
હશે કો વીરલા બ્રાહ્મણ સદા બ્રહ્મત્વના પ્યાસી
સનાતન શુદ્ધ પરમાર્થી જતા જે પાપથી ત્રાસી -૨૫
પરંતુ જ્યાં નજર નાખું જડે છે બ્રાહ્મણો કળીના
નિરક્ષર તેજ હીણાને પશુ બળથી બન્યા બળીઆ -૨૬
ચક્રવર્તિ મહા નૃપતિ સદા સત્કાર કરતાતા
ચરણ રજ બ્રાહ્મણોની ભક્તિ ભાવે શીર ધરતાતા -૨૭
વળી નીજ આસને પધરાવતાં ફળ પુલ અર્પીને
બનીને દાસ રાણીઓ ખડા રહે હાથ જોડીને -૨૮
મહા બળવાન રાજાઓ દયિતા અર્પતા પ્રીતે
અને જમાતૃ પદ અર્પી કરતા સેવ દ્રઢ ચીત્તે -૨૯
વળી ક્યાં બ્રહ્મ દયિતાઓ મહા ગંભીર શીલગુણ શી
અને ક્યાં આજની એ બામણીઓ હા ! ગોવાલણ શી ? -૩૦

અરે એ બ્રહ્મ સંતાનો ગયા સંતાઇ ક્યાં આજે ?
ગયા ક્યાં જ્ઞાની પંડીતો દીગંતે કીર્તિ જસ ગાજે ૩૧
બ્રહ્મને જાણનારાઓ ખરા બ્રાહ્મણ કહેવાયે !
તત્વ પીછાણનારાઓ ખરા દ્વિજરાજ કહેવાય ! ૩૨
વળી સાત્વિક વૃત્તિના શુધ્ધ પંડિત કહેવાયે !
શૂરવીર ધર્મ અભિમાની પ્રખર ભૂદેવ ! કહેવાયે ! ૩૩
કળિના બ્રાહ્મણો ભિક્ષા મદિરા માંસમાં ડુબ્યા,
વિષય. જર. વેર ને ઝેરે અરે! માથા સુધી ખુપ્યા ૩૪
અમે બ્રાહ્મણ પ્રભુ પ્યારા કહી ખુંખારો કરનારા
રહ્યા છે ભાટના જેવા મુછોએ હાથ ધરનારા ૩૫
કહું હું ધન્ય કે ધિક્કાર કળિના બ્રાહ્મણો તમને ?
અહિંસા વીસરી એહા શીખ્યા તદબીર તાલીમને ૩૬
કહો કેમ મેળવી શકશો ? તમે મુક્તિ પ્રભુ પદને
જગત્ ઉધ્ધારશો શું આપ વિસરીયમ નિયમ જપને ૩૭
જુવો વઇંગાનને બદલે તમારે માટ યમ આવ્યા
સ્વર્ગ–મુક્તિ સટે તમને ઘસરડી નર્કમાં જાવા ૩૮
થશે ઇન્સાફ દરબારે તમારો ધર્મના રાજ્યે !
ને રૈરવ નર્ક વીણ બીજી જગ્યા તમને ભલે છાજે ૩૯
હજીયે સાંભળી શિક્ષા ઋષિ મુનિ પુર્વજો કેરી
મણિમય બ્રાહ્મણો કળિના ધરો સત્કર્મ ના દેરી

(લેખક—શ્રીયુત મણિલાલ મોહનલાલ પાદરાકર)
મુ. પાદરા તા. વડોદરા

ઘાતકી પીતા યાને લગ્ન કે ચીતા

(રાગ-ગઝલ)

પ્રભુ પ્યારા દયા નિધી, પિતાજી પાય હું લાગુ;
બચાવોને મને બાપુ શરણુ હું આપનું માગું. ૧
થયો શત્રુ પિતા મારો અરે મમ રક્તનો પ્યાસી;
કહું આ કષ્ટ હું કોને ઉગારો દીન આ દાસી. ૨
બજારે વેચવા બેઠા ગરીબ આ ગાયને પાપી;
કરે મુજ માંસનો પઇસો કલેજું માહરૂં કાપી. ૩
ઘુવડ ઘરડા અણી સાથે વરાવાને મુને ધારે,
બનીને અંધ લક્ષ્મીમાં પિતા નિજ પુત્રીને મારે. ૪
ગરીબી ટાળવા માટે પિતા નિજ પુત્રીને વેચે;
ખરે નિજ સ્વાર્થને માટે મડા સાથે મુને દેશે. ૫
બીચારી માત મારીનું કહ્યું જમ દુત ના માને;
કકળતી તે બહુ ભારે કથન કંઇ ના સુણે કાને. ૬
નથી કંઇ આશ અવનીમાં હવે બાકી રહી મનમાં;
નિહાળી સૃષ્ટિનાં સુખો ઉઠે છે આગ આ તનમાં. ૭
અરે ઓ માત મારીરે ખરે ઓ જન્મની દાતા;
બહુ આભાર તેં કીધા ઉછેરીને મુને માતા. ૮
નગુણી થઇ અરે હું તો જઉં છું સાથરે તારો;
જઉં છું સ્વર્ગને માટે ગણીને દેહને ખારો. ૯

સકળ સૃષ્ટી તણા સ્વામી ક્ષમા મમ દોશની દેજે;
કૃપાળુ ઇશ બહુનામી શરણ આ રંકને લેજે. ૧૦
પછી તે રંક બાળાયે ભરી તે ઝેરની પ્યાલી;
ગળીને તેહને અમૃત ઝપાટેથી કરી ખાલી. ૧૧
થયો લક્ષ્મી તણા લોભે પીતા પુત્રી તણો ઘાતી;
કહે માધવ ખરે એતો ગણાયે જગ્તમાં પાપી. ૧૨

મ્હારૂં સ્વપ્નું

(રાગ–આંખ વીના અંધારૂં રે)

નારી વીના ઘેર તાળું રે, સદાય મ્હારે નારી વીના ઘેર તાળું;
એતો દીપક છતાં અંધારૂં રે— સદાય મ્હારે. ૧
જઇ પનઘટ પર હું બેસું રસીક રૂપાળી રામા દેખું;
રડું અંતર નારી સારૂં સારૂં રે— સદાય મ્હારે. ૨
સવારમાં જાગુ છું જ્યારે દળવું પડે હાથે મ્હારે;
માંજુ વાસણ–વાસીદું વાળું વાળું રે– સદાય મ્હારે. ૩
પાણી લાવું છું માથે નહી કોઇ આવે સાથે.
જગમાં જીવતર મારૂં ખારૂં ખારૂં રે– સદાય મ્હારે. ૪
સતનારાયણ તમે કૃપાળું વાંદા મેણું જો ભાગો મ્હારૂં;
શીરો ધરાવા ધારૂં ધારૂં રે– સદાય મ્હારે. ૫
એવી કલ્પના કરતો કરતો જઇને કુવા પર સુતો;
આવી નીંદ્રા સ્વપ્નું ભાળું ભાળું રે– સદાય મ્હારે. ૬
જ્ઞાતી બંધુ પંદર આવ્યા પરણાવા બઇરી લાવ્યા;
શ્રીફળ ગોરે મને આલ્યું આલ્યું રે– સદાય મ્હારે. ૭

મામા માસા કાકા કહે છે આ કન્યા અતિ સુંદર છે;
થઇ ખુશી ખુશી નિહાળું રે— સહાય મ્હારે. ૮

જ્ઞાતિજાને ભોજન દીધાં દુધપાક પુરી ભજીયાં કીધાં
વરઘોડે ફરવા ધારૂં ધારૂં રે— સહાય મ્હારે. ૯

નટપુરથી આણ્યાં તાસાં રજાકનાં સુરતી વાજાં;
ઘોડો સુંદર શણગારૂં શણગારૂં રે— સહાય મ્હારે. ૧૦

બની ઠણી સુંદર અલબેલો વરઘોડો ફરવા નીકળેલો;
અંતર મનસુબા ધારૂં ધારૂં રે— સહાય મ્હારે. ૧૧

બાઇરીને બાળક અવતરીયું નામ રૂડું રતનો પડીયું;
કીસ્મત ફળાયું સારૂં સારૂં રે— સહાય મ્હારે. ૧૨

પાંચ વરસનો રતનો થાતાં મહિસાગર નહાવા જાતાં
દુઃખનું આવ્યું વાદળ કાળું કાળું રે—સહાય મ્હારે. ૧૩

ગાડી સામ સામી અથડાઇ અમ ટ્રેન ગઇ તેથી ઉથલાઇ;
પડયો કુવામાં પાણી ભાળું ભાળું રે—સહાય મ્હારે. ૧૪

પાંચ શેર જ્યાં પાણી પીધું વહુ-બાળક ક્યાંથી દેખું;
દુઃખ શું ઉચ્ચારૂં ઉચ્ચારૂં રે— સહાય મ્હારે. ૧૫

મુસાફર એક દયા લાવ્યો મહાર કુવામાંથી કાઢયો;
નારીનો મોહ વીદારૂં વીદારૂં રે— સહાય મ્હારે. ૧૬

ઉમરેઠ ભટવાડી પોળને નાકે આવેલા સરસ્વતી પ્રીં. પ્રેસમાં
રતીલાલ બાલકૃષ્ણ ત્રિવેદીએ છાપી, અને બુકસેલર જદુલાલ
નારણદાસે નડીઆદમાંથી પ્રસિદ્ધ કરી.

આ ટાઇટલ 'મહેશ' પ્રીન્ટીંગ પ્રેસ, (ગાયવાડી, ગીરગામ રોડ, મુંબઈ—૪.) માં જશવંતલાલ છોટાલાલ દેસાઇએ છાપ્યું છે.